ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

ક્રમાંક:-સંકલન-ખતપ-૩૭/૨૦૨૨-૨૩/..૧૯-૩૯૩...... થી ૧૯-૪૧૩

તા.૧૨/૧૦/૨૦૨૨

# જાહેરનામું

## વિષય:- પંચાયત સેવા વર્ગ-૩ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા-૨૦૨૨-૨૩

(૧) સરકારશ્રીનાં પંચાયત વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:-કેપી-૪૦ ઓફ ૨૦૨૨/કેટીપી/૧૦૨૦૨૧/૧૦૦૪/ખ તા.૨૩/૦૮/૨૦૨૨થી ગુજરાત પંચાયત સેવાના વર્ગ-૩ના ખાતાકીય પરીક્ષા નિયમો-૨૦૨૨ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ નિયમોના **Appendix- B** હેઠળના નીચેના સંવર્ગોની ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા **(Higher Level Departmental Examination)**નું આયોજન મંડળ દ્વારા કરવામાં આવેલ છે.

૧. આંકડા મદદનીશ, વર્ગ-૩

૨. સમાજ કલ્યાણ નિરીક્ષક (જુનિયર ગ્રેડ), વર્ગ-૩

૩. સિનીયર ક્લાર્ક (હિસાબ), વર્ગ-૩

(૨) ઉપરોક્ત ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા-૨૦૨૨-૨૩ મંડળ દ્વારા તા.૪-૫ ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ યોજવામાં આવશે.

(૩) આ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા હોય અને નિયત લાયકાત/પાત્રતા ધરાવતા હોય તેવાં કર્મચારીઓએ ઉપરોકત નિયમોના નિયમ-૮(૩) મુજબ પરિશિષ્ટ-"D" ના નિયત અરજી ફોર્મમાં તેમની અરજી અસલમાં જરૂરી આધાર પુરાવા સાથે તા.૦૧/૧૧/૨૦૨૨ થી તા.૩૦/૧૧/૨૦૨૨ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને રૂબરૂમાં મોકલી આપવાની રહેશે.

(૪) મંડળ દ્વારા આ પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા (લાયકાત તારીખ)તા.૩૦/૧૧/૨૦૨૨ નિયત કરવામાં આવેલ છે.

(૫) જે તે જિલ્લા પંચાયતમાંથી અન્ય કોઇ સંસ્થા કે કચેરીમાં પ્રતિનિયુકિત પર ગયેલાં કર્મચારીઓને આ ખાતાકીય પરીક્ષા અંગેની સમયસર જાણ કરવાની જવાબદારી સંબધિત નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ)ની રહેશે.

(૬) સંબધિત જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) દ્વારા આ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓ નિયત પાત્રતા/લાયકાત ધરાવે છે કે કેમ? તેની ધનિષ્ઠ ચકાસણી કરવાની રહેશે. જો કોઇ કર્મચારી આ પરીક્ષામાં બેસવા માટેની યોગ્ય લાયકાત/પાત્રતા ન ધરાવતા હોય તો તેવા કર્મચારીના અરજી ફોર્મ સંબધિત જિલ્લા પંચાયત દ્વારા સ્વીકારવાના રહેશે નહી. કર્મચારીના નિયત અરજીપત્રકમાં કર્મચારીની યોગ્યતાનું પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જ આપવાનું રહેશે.

(૭) આ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની નિયત પત્રકમાં ડેટા એન્ટ્રી થયા બાદ તેની જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કાવાળી પ્રિન્ટેડ નકલ તથા તેની સોફટકોપી (સી.ડી/પેનડ્રાઇવ), કર્મચારીઓના અસલ અરજીપત્રક યોગ્યતાના પ્રમાણપત્ર સહિત સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને રૂબરૂમાં તા.૦૫-૧૨-૨૦૨૨ સુધીમાં મોકલી આપવાના રહેશે.

(૮) ખાતાકીય પરીક્ષા માટે અરજી કરનાર તમામ કર્મચારીઓ આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહે અથવા ગેરહાજર રહે તો પણ આ પરીક્ષા તેમના માટે **"એક તક"** ગણાશે.

(૯) અરજી કર્યા બાદ જો કોઇ કર્મચારીનું નામ નિયમ-૮(૫) મુજબ પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ હોય અને તે કર્મચારી કોઇ કારણોસર પરીક્ષામાં બેસવા ઇચ્છતા ન હોય તો તેના કારણો સાથેની અસલ અરજી સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગરને ખાતાકીય પરીક્ષા શરૂ થયાની તારીખથી ઓછામાં ઓછાં ૩૦ દિવસ અગાઉ મોકલવાની રહેશે. અન્યથા આવા કર્મચારી માટે આ પરીક્ષા "એક તક" ગણાશે.

(૧૦) આ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ ઉપરોક્ત નિયમોના **"Appendix C" (Part-II)** મુજબનો રહેશે. **સદર** ખાતાકીય પરીક્ષાના **પ્રશ્નપત્ર ૧** નું સ્વરૂપ વર્ણનાત્મક પ્રકારનું રહેશે, જે પુસ્તક વિના આપવાનું રહેશે. **તેમજ પ્રશ્નપત્ર ૨ થી ૪** નું સ્વરૂપ હેતુલક્ષી (મલ્ટીપલ ચોઇસ પ્રશ્નો) પ્રકારનું રહેશે. મંડળ દ્વારા ઉમેદવારોને જવાબવહી અને ઓ.એમ.આર શીટ પૂરી પાડવામાં આવશે

(૧૧) આ ખાતાકીય પરીક્ષા માટે ઉમેદવારોએ અભ્યાસક્રમના નિયત પુસ્તકોની વ્યવસ્થા જાતે અથવા સંબધિત જિલ્લા પંચાયત દ્વારા સદર વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) ઉમેદવારોના બેઠક નંબર અને પરીક્ષા કેન્દ્રની વિગતો તથા અન્ય જરૂરી સૂચનાઓ યોગ્ય સમયે જિલ્લા પંચાયતોને અત્રેથી મોકલવામાં આવશે.

"મંડળનાં આદેશાનુસાર"

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ), જિલ્લાપંચાયત કચેરી. (તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ.